## પ્રેસ નોટ

## સેલ્યુટ તિરંગા અને શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ ખાતે સિકલ સેલ એનેમિયા કંટ્રોલ પ્રોગ્રામ યોજાયો





વાપી-૨૦/૦૪/૨૦૨૩

G20 ની થીમ "વસુધૈવ કુટુમ્બકમ" (એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય) અંતર્ગત વિવિધ પ્રવૃત્તિ નું આયોજન કરેલું છે. જેમાં રાજ્યએ તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરી છે જેનાથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહિત કરવામાં આવશે. જેથી G 20 ની શેર્ડ ફ્યુચર: યુથ ઇન ડેમોક્રેસી, ગવરનન્સ એન્ડ હેલ્થ, વેલ બીઈંગ એન્ડ સ્પોર્ટ્સ એજેંડા ફોર યુથની પ્રવૃત્તિને અનુલક્ષીને સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય સંરક્ષક પુરાણી સ્વામી કપિલજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ વાપી ખાતે તારીખ: ૨૦/૦૪/૨૦૨૩ ના રોજ પ્રાઇમરી હેલ્થ કેર સેન્ટર વટાર અંતર્ગત "સિકલ સેલ એનેમિયા કંટ્રોલ પ્રોગ્રામ" યોજાયો. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ સિકલ સેલ જેવા અસાધ્ય અને આનુવંશિક રોગને કઈ રીતે નિયંત્રણમાં રાખી શકાય અને કઈ રીતે સ્વસ્થ જીવન જીવી શકાય એ માટેનો હતો. આ નિયંત્રણ પ્રોગ્રામ એકેડેમિક કેમ્પસ ડિરેક્ટર અને સેલ્યુટ તિરંગાના પ્રદેશ અધ્યક્ષ – બેટી બચાવો બેટી પઢાવો – ગુજરાત ડૉ. શૈલેષ વિ. લુહાર અને કોલેજના આચાર્યશ્રી ડો. સચિન બી નારખેડે ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામનું સમગ્ર સંચાલન પ્રોગ્રામ ના કોઓર્ડીનેટર આસિસ્ટન્ટ પ્રોફેસર કુમારી ઊર્મિ પી. પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓના લોહીની ચકાસણી સિકલસેલ એનિમિયા કીટ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રોગ્રામનો બહોળો લાભ વિદ્યાર્થીઓએ તેમજ સ્ટાફ મળીને કુલ ૩૬૫ લોકો એ લીધો હતો.

આ પ્રોગ્રામ સિકલ સેલ એનેમિયા કંટ્રોલ પ્રોગ્રામ ના અંતર્ગત આરોગ્ય શાખા જિલ્લા પંચાયત વલસાડ અને તાલુકા આરોગ્ય કેન્દ્ર વાપી ના સહયોગ થી પ્રાઇમરી હેલ્થ સેન્ટર, વટાર ના જુદા જુદા કર્મચારી દ્વારા હાથ ધરવામાં આવી હતી, જેમાં ડો. હરેશ ગજરા (આર.બી.એસ.કે.મેડિકલ ઓફિસર), જિતેન્દ્ર પટેલ, કેતન પટેલ અને કૌશિક પટેલ( સિકલ સેલ કાઉન્સેલર), ડો. શિવાની પટેલ (આર.બી.એસ.કે.મેડિકલ ઓફિસર), વિરલ પટેલ, રાજેશ પટેલ, તૃપ્તિ પટેલ, અર્પિતા વણજારા (લેબ ટેકનિસયન), ક્રીતીકા પટેલ (ફીમેલ હેલ્થ વર્કર), જીગ્નેશ પટેલ (મલ્ટી પર્પસ હેલ્થ વર્કર) નો સમાવેશ થાય છે.

આ પ્રોગ્રામ બદલ ફાર્મસી કોલેજના આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડેએ આવનાર ટીમનો અભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પરમ પૂજ્ય રામસ્વામીજી, ટ્રસ્ટી શ્રી. બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર ડૉ. શૈલેશ વી. લુહાર, કેમ્પસ ડીરેક્ટર શ્રી. હિતેન બી. ઉપાધ્યાય, ડૉ. સચિન બી. નારખેડે  અને તમામ સ્ટાફે દરેકનો આભાર માન્યો હતો.